Part-9

## અ ધ્યા ય - ૯

## અભિનય અને નાટ્યરસ

પ્ર ક ર ણ : (૧) નાટ્યરસનું સ્વરુપ
(૨) વિભિન્ન નાટ્યરસો
(૩) રસ અને નાટ્યાંગો
(૪) રસ નિષ્પત્તિ અને નટકર્મ

પ્રકરણ (૧)

## નાટ્યરસનું સ્વરુપ

ભરતમુનિએ, નાટ્યશાસ્ત્રના છઠ્ઠા અધ્યાયમાં, 'નાટ્યરસ'નું સ્વરુપ નિરુપ્યું છે. ભરતમુનિની દૃષ્ટિએ નાટ્યરસના સ્વરુપની છણાવટ કરતાં પહેલાં તેની પૂર્વભૂમિકા રુપે 'રસ' શબ્દની વ્યુત્પત્તિ તથા તેના કોશગત અર્થ તેમજ સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં રસના સ્વરુપ સંબંધી ચર્ચા સંક્ષિપ્તમાં કરવી અપ્રસ્તુત નહીં લેખાય.

### રસ શબ્દની વ્યુત્પત્તિ તથા તેના કોશગત અર્થ

રસની વ્યત્પત્તિ આપ્ટેના સંસ્કૃત અંગ્રેજી કોશમાં આ પ્રમાણે આપવામાં આવી છે.

રસ ધાતુ + અચ્ (કર્મવાચ્ય પ્રત્યય)

'રસ' ધાતુમાં 'અચ્' કર્મવાચ્ય પ્રત્યયના યોગથી 'રસ' શબ્દનો અર્થ થાય છે. 'આસ્વાદનો વિષય અથવા આસ્વાદ્ય પદાર્થ.'

'રસ' ધાતુના નિમ્નલિખિત અર્થ મોનિયર વિલિયમ્સના સંસ્કૃત-અંગ્રેજી કોશમાં આપવામાં આવ્યા છે.

(૧) આસ્વાદ કરવો, સ્વાદ લેવો (શ્વેતાશ્વતર બ્રાહ્મણ, ઉપનિષદ, મહાભારત) (૨) અનુભવ કરવો, ઇન્દ્રિય ગોચર કરવું, અનુભૂતિપૂર્ણ હોવું (સાહિત્યદર્પણ) (૩) પ્રીતિ કરવી (ધાતુ રુપાવલી)

મોનિયર વિલિયમ્સના સંસ્કૃત અંગ્રેજી કોશમાં 'રસ' શબ્દના નિમ્નલિખિત અર્થ આપવામાં આવ્યા છે.

વાનસ્પતિક સત્વ, તત્વ, (ઋગ્વેદ), જળ, તરલ પદાર્થ, પેય (મહાભારત) ઇક્ષુરસ, સરબત (સુશ્રુત), કોઇ મિશ્રણ, પાન, સોમરસ, રસાયણ (રામાયણ, ભાગવત), દ્રવિત નવનીત

(કોશગ્રન્થ), દૂધ, (મહાભારત) વિષ (દશરુપક, રાજતરંગિણી), સૂપ, માંસની કઢો - (કોશગ્રન્થ) શરીરસ્થ તરલ પદાર્થ, વીર્ય, અન્નરસ, પારદ, શુક્ર, (ઋગ્વેદ), ખનિજ, પદાર્થ અથવા ખનિજ લવણ, સ્વાદ, ગન્ધ, (શ્વેતાશ્વતર બ્રાહ્મણ), સ્વાદુ અથવા આસ્વાદ્ય પદાર્થ, મસાલા, ચટણી, વઘાર (મહાભારત), રુચિ, પ્રીતિ, રતિ, કામ, ઇચ્છા, (મહાભારત) મનોજ્ઞતા, સુખાનુભૂતિ, આનંદ, (મહાભારત), કોઇ કૃતિનો ભાવ અથવા આસ્વાદ્યતા, તેમાં વ્યાપ્ત સ્થાયી ભાવ (સાહિત્યદર્પણ).

શ્રી આપ્ટેના સંસ્કૃત અંગ્રેજી કોશમાં રસ શબ્દના નિમ્નલિખિત અર્થ આપવામાં આવ્યા છે.

(૧) વાનસ્પતિક રસ, સત (૨) તરલ પદાર્થ, દ્રવ, (૩) જળ, (૪) પેય, મદિરા (૫) પાન, રસાયણ, સોમરસ (૬) આસ્વાદ, સ્વાદ, (૭) ચટણી, મસાલા (૮) આસ્વાદ પદાર્થ (૯) રુચિ, અભિરુચિ, ઇચ્છા (૧૦) પ્રીતિ, પ્રેમ (૧૧) સુખાનુભૂતિ, આનંદ (૧૨) મનોજ્ઞતા, રોચકતા, શોભા (૧૩) ભાવના, ભાવ, અનુભૂતિ (૧૪) કાવ્યરચનાના સ્થાયી ભાવ (૧૫) સત્વ પદાર્થ, ગૂદા, વસ્તુનો ઉત્તમ ભાગ (૧૬) શરીરસ્થ તરલ પદાર્થ (૧૭) વીર્ય (૧૮) શુક્ર, પારો (૧૯) વિષ, ઝેરી પદાર્થ (૨૦) કોઇ ખનિજ પદાર્થ (૨૧) ઇક્ષુ રસ (૨૨) દૂધ (૨૩) દ્રવિત નવનીત (૨૪) અમૃત (૨૫) સુપ, માંસની કઢો, (૨૬) ૬ ની સંખ્યા (અમ્લ, કાષાય, મધુર, લવણ, કટુ, તિક્ત, ષડ્રસ ) (૨૭) રચના, જિહ્વા (૨૮) ગંધ, રસ, (૨૯) સુવર્ણ (૩૦) ધાતુ, ભસ્મ.

આમ રસ શબ્દનો પ્રયોગ સંસ્કૃત ભાષા જેટલો જૂનો છે અને ખાવાપીવાના વ્યવહારમાંથી તે કાવ્યકળાના વ્યવહારમાં આવ્યો છે. નાટ્યરસ કે કાવ્યરસ તરીકે તેને પાછળથી જે નિશ્ચિત શાસ્ત્રીય અર્થ મળ્યો તે પહેલાં તેને અનેક મુખ્ય ગૌણ અર્થ મળી ચૂકયા હતાં.

## સંસ્કૃત કાવ્ય શાસ્ત્રોમાં રસનું સ્વરુપ

સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં, રસ સ્વરુપનું વિવેચન મુખ્યત્વે ત્રણ રુપોમાં પ્રાપ્ત થાયછે.

(૧) વસ્તુનિષ્ઠ રંગમંચીય રસ-સ્વરુપ :

કે જે વાગંગસત્વાભિનિયોપેત તથા વિભાવ, અનુભાવ, તેમજ વ્યભિચારી ભાવોની સામગ્રી રુપ છે. તેના મુખ્ય પ્રવર્તક ભરતમુનિ છે. આ ઉપરાંત ભટ્ટ લોલ્લટ, શ્રી શકુંક વિગેરે વિશુધ્ધ રંગમંચીય દષ્ટિથી વિવેચન કરનારા આચાર્યોએ પણ રસનું વસ્તુનિષ્ઠ રંગમંચીય સ્વરુપ પ્રતિપાદિત કર્યું છે. આ બધા આચાર્યોના મતે રસ સહૃદયનિષ્ઠ આનન્દમય અનુભૂતિ નહીં પણ મંચગત વસ્તુ અથવા પદાર્થ છે.

(૨) સુખદુ:ખાત્મક રસ-સ્વરુપ :-

ભામહ, દંડી, વામન, ભોજ, રામચંદ્ર, ગુણચંદ્ર વિગેરે તેના મુખ્ય પ્રવર્તક આચાર્યો છે. આ ઉપરાંત ભટ્ટ લોલ્લટ, શ્રી શંકુક તથા સાંખ્યમતાનુયાયી આચાર્ય પણ સુખદુ:ખાત્મક સ્થાયી ભાવોના પરિપુષ્ટ રુપને રસ માને છે.

ભામહની ઉકિતઓ વડે તેમના રસસ્વરુપને વસ્તુનિષ્ઠ સુખદુ:ખાત્મક અથવા કેવળ આનન્દાત્મક નિર્ધારિત કરવું કઠણ છે.. ભામહ તથા દણ્ડીનું પ્રતિપાદ્ય 'નાટ્ય' નહીં પરંતુ 'કાવ્ય' છે. બંને આચાર્યો મહાકાવ્યોમાં 'રસો'ની સ્થિતિનું સમર્થન કરે છે. દણ્ડીએ પોતાની ઉકિતઓ દ્વારા 'સુખદુ:ખાત્મક ભાવોના પરિપુષ્ટ રુપ'ને 'રસ' માનવાને સમર્થન આપ્યું છે. (કાવ્યાદર્શ ૨/૨૮૧-૮૨-૮૩) દણ્ડી, વાણી તથા વસ્તુમાં પણ રસની સ્થિતિ માને છે. 'મધુરં' રસવદ્વાચિ વસ્તુન્યપિ રસસ્થિતિ: (-કાવ્યાદર્શ - ૧/૫૧) આચાર્ય વામને 'કાવ્યાલંકાર સૂત્રવૃત્તિ' માં નાટ્યના કરુણ રસના સુખદુ:ખાત્મક ભાવોના સૌપ્લવનું નિદર્શન કર્યું છે.

કરુણપ્રેક્ષણીયેષુ સંપ્લવ: સુખદુ:ખયો ।
યથાનુભવસિધ્ધસ્તથૈવૌજ: પ્રસાદયો ॥

શ્રી ગણેશ ત્ર્યંબક દેશપાંડેએ તેમના 'ભારતીય સાહિત્યશાસ્ત્ર' પુસ્તકમાં આ શ્લોકના આધારે આચાર્ય વામનને સુખદુ:ખાત્મક ભાવસ્વરુપ રસના સમર્થક સિધ્ધ કર્યા છે. ભોજ તથા રામચંદ્ર-ગુણચંદ્ર પણ રસને સુખદુ:ખાત્મક નિર્ધારિત કર્યો છે. ભોજે તો સ્પષ્ટપણે રસોની

સુખદુ:ખાત્મક અવસ્થાનું કથન કર્યું છે. - '' રસા હિ સુખદુ:ખાવસ્થારુપા: તે ચ શરીરિણાં ચૈતન્યવર્તાં ન કાવ્યરસ ।'' (શ્રૃંગાર પ્રકાશ) ડો. રાઘવનના મત પ્રમાણે ભોજે અહીં લૌકિક ભાવો માટે 'રસ' શબ્દનો પ્રયોગ કર્યો છે. 'નાટ્યદર્પણ'ના રચયિતા રામચન્દ્ર-ગુણચન્દ્રે પ્રણ એકાંગીપણે સુખદુ:ખાત્મક રસસ્વરુપનું પ્રતિપાદન કર્યું છે.

'' સ્થાયી ભાવશ્રિતોત્કર્ષ: વિભાવ વ્યભિચારિભિ: ।
સ્પષ્ટાનુભાવનિશ્ચેય: સુખદુ:ખાત્મકો રસ: ॥ ''
નાટ્યદર્પણ શ્લોક - ૧૦૯

રામચંદ્ર-ગુણચંદ્રે નવ રસોને, ઇષ્ટવિભાવાત્મક - શૃંગાર, હાસ્ય, વીર, અદ્ભુત અને શાંત તથા અનિષ્ટ વિભાવાત્મક - કરુણ, રૌદ્ર બીભત્સ અને ભયાનક એ બે વર્ગમાં વિભાજિત કર્યા છે.

(૩) <u>સહૃદયનિષ્ઠ, ચવર્ણાપ્રાણ, આસ્વાદાત્મક રસસ્વરુપ :</u>

જે સુખદુ:ખાત્મક ભાવાનુભૂતિથી ભિન્ન એકાંગીપણે આનન્દમય છે - આ મતના મુખ્ય પ્રવર્તક આચાર્ય અભિનવગુપ્ત છે. અભિનવગુપ્તે રસને સહૃદયસ્થ સ્થાયી ભાવમાં નિશ્ચિત કર્યો છે અને તેનું સ્વરુપ એકાંગીપણે આનન્દાત્મક નિર્ધારિત કર્યું છે. તેઓ 'પ્રત્યભિજ્ઞાદર્શન' માં માનનારા સ્વયં આનન્દવાદી દાર્શનિક હતા એટલે ભરતમુનિના નાટ્યશાસ્ત્રની પણ આ દૃષ્ટિએજ વ્યાખ્યા કરી છે. તેમના મતે

(૧) રસ મૂળે તો એકજ છે. કારણ કે ભરતમુનિએ 'નહિ રસાદૃતે કશ્ચિદપિ અર્થ: પ્રવર્તતે ' એ ઉક્તિમાં રસનો એકવચનમાં પ્રયોગ કર્યો છે.

(૨) રસ-સહૃદય સંવેદનાત્મક નિર્વિઘ્ન વિશ્રાન્તિ રુપ છે.

(૩) રસ સ્થાયી-વિલક્ષણ છે, અલૌકિક છે, 'ચર્વ્યમાણતૈકા પ્રાણ' છે.

(૪) સ્વસંવિત, ચર્વણા એકઘન (અખંડ) અને પ્રકાશમય (બોધરુપ) હોવાથી આનન્દજ તેનું સારભૂત તત્વ છે.

અભિનવગુપ્ત પહેલાં આનંદવર્ધને રસધ્વનિની પ્રક્રિયામાં રસના ધ્વનિત અથવા વ્યંજિત રૂપની પ્રતિષ્ઠા કરી હતી. અભિનવગુપ્ત ઉપરાંત મમ્મટ, હેમચન્દ્ર, મધુસૂદન સરસ્વતી, પંડિતરાજ જગન્નાથ વિગેરે આચાર્યોએ પણ વિભિન્ન શબ્દોમાં રસના આનન્દ સ્વરૂપની મીમાંસા કરી છે. રસધ્વનિવાદી આચાર્યોએ રસસ્વરૂપના સ્પષ્ટીકરણમાં આનન્દૈકઘન, ચર્વણાપ્રાણ, સ્વપ્રકાશાનન્દ, વેદ્યાન્તરસ્પર્શશૂન્ય, બ્રહ્માસ્વાદસહોદર, લોકોત્તર, ચિન્મય, સ્થાયી-વિલક્ષણ વિગેરે વિશેષણોનો પ્રયોગ કર્યો છે જે સ્પષ્ટપણે ભરતમુનિના 'રસસ્વરૂપ' વિશ્લેષણમાં મળી આવતાં નથી.

## ભરતમુનિની દૃષ્ટિએ નાટ્યરસનું સ્વરૂપ

ભરતમુનિએ નાટ્યશાસ્ત્રના છઠ્ઠા અધ્યાયમાં નાટ્યરસના સ્વરૂપ સંબંધી વિગતવાર છણાવટ કરી છે. તે પહેલાનાં પાંચ અધ્યાયો-નાટ્યની ઉત્પત્તિ (પ્રથમ અધ્યાય), નાટ્યમંડપનિર્માણ (દ્વિતીય અધ્યાય), રંગદેવતા પૂજનવિધિ (તૃતીય અધ્યાય) તાણ્ડવનૃત્ય લક્ષણ (ચતુર્થ અધ્યાય) તથા પૂર્વરંગ વિધાન (પંચમ અધ્યાય)-માં, અનેક સ્થળે 'રસ' શબ્દ પ્રયોજાયેલો જોવા મળે છે.

પ્રથમ અધ્યાયમાં, કૈશિકી વૃત્તિના સંદર્ભમાં 'રસભાવ' તથા 'શૃંગારરસ' શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

'' દીયતાં ભગવન્ દ્રવ્યં કૈશિક્યા સમ્પ્રયોજકમ્ ।
મૃદ્ંગહારસંપન્ના રસભાવ ક્રિયાત્મિકા ॥
દૃષ્ટા મયા ભગવતો નીલકણ્ઠસ્ય નૃત્યત: ।
કૈશિકી શ્લક્ષ્ણનેપથ્યા શૃંગારરસ સમ્ભવા ॥ ''

(અધ્યાય -૧ શ્લોક ૪૪/૪૫)

'' હે ભગવાન કૈશિકી વૃત્તિના પ્રયોગ માટે જરૂરી સામગ્રી મને આપો. મૃદુ અંગહારોથી યુક્ત રસ, ભાવ અને ક્રિયા જેનો આત્મા છે એવી, જેને માટે સુંદર વસ્ત્રાભૂષણોની જરૂર છે એવી અને શૃંગાર રસમાંથી ઉત્પન્ન થયેલી કૈશિકી વૃત્તિને ભગવાન નીલકંઠના નૃત્યના પ્રસંગે મેં જોઇ હતી.''

ઉપરોક્ત શ્લોક ઉપરથી માત્ર એટલુંજ સ્પષ્ટ થાય છે કે રસ તથા ભાવોથી કૈશિકી વૃત્તિ ઉત્પન્ન થાય છે. રસના મૂલભૂત સ્વરુપની અહીં સ્પષ્ટતા થતી નથી. વળી રસ શબ્દ અહીં સ્વતંત્રપણે પ્રયોજાયો નથી. ભાવ તથા શૃંગાર સાથે તેનો ઉલ્લેખ થયો છે.

પ્રથમ અધ્યાયમાંજ 'રસ' શબ્દ બહુવચનમાં પ્રયોજાયેલો જોવા મળે છે. જ્યારે દેવતાઓએ મહેન્દ્રવિજયોત્સવમાં ભરતમુનિ ધ્વારા પ્રયોજાયેલો દેવાસુર-સંગ્રામનો અનુકૃતિ 'પ્રયોગ' જોયો ત્યારે તેમણે અત્યંત પ્રસન્ન થઇ ભરત-પુત્રોને નાટ્યોપયોગી અનેક ઉપકરણો પ્રદાન કર્યાં જેમાં રસ તથા ભાવોનો પણ ઉલ્લેખ છે.

'' શેષા યે દેવગન્ધર્વા યક્ષરાક્ષસપન્નગાઃ ।
તસ્મિન્ સદસ્યભિપ્રેતાન્યૂ નાનાજાતિ ગુણાશ્રયાન ॥
અંશાંશૈર્ભાવિતાન્ ભાવાન્ રસાન રુપં બલન્તથા ।
પ્રદદુઃ મત્સુતેભ્યશ્ચ ચિત્રમાભરણં બહું ॥

(અધ્યાય ૧ શ્લોક ૬૨/૬૩)

'' આ ઉપરાંત તે સભામાં હાજર રહેલા અનેક જાતિ અને ગુણોવાળા દેવો, ગન્ધર્વો, યક્ષો, રાક્ષસો અને પન્નગોએ ખૂબ ખુશ થઇને પોત પોતાના અંશોથી પેદા કરેલ ભાવો, રસો, રુપ, બળ અને જાતજાતના આભરણો મ્હારા પુત્રોને (અભિનયયાર્થ) પ્રદાન કર્યાં.''

અહીં દેવ, ગન્ધર્વ, યક્ષ, રાક્ષસ અને પન્નગોનો એક સાથે નામોલ્લેખ છે અને તેમના ધ્વારા પ્રદત્ત ભાવ, રસ, રુપ, બળ, આભરણ (પાઠાન્તરે રુપ બલિ અને ક્રિયા) નો ઉલ્લેખ છે. આને યથાક્રમ પ્રમાણે લેવાથી દેવોએ ભાવો, ગન્ધર્વોએ રસો, યક્ષોએ રુપ, રાક્ષસોએ બળ (પાઠાન્તરે બલિ) તથા પન્નગોએ આભરણો (પાઠાન્તરે ક્રિયા) ભરતપુત્રોને અભિનયાર્થ પ્રદાન કર્યાં. જો કે આ શ્લોકથી રસના સ્વરુપની સ્પષ્ટતા થતી નથી પણ રસોનો અભિનયમાં ઉપયોગી ઉપકરણ તરીકે તથા તે ગન્ધર્વોથી સંબંધિત હોવાનો ઉલ્લેખ અહીં જરુર થયો છે. છઠ્ઠા અધ્યાયમાં ભરતમુનિએ એક આનુવંશિક આર્યા ટાંકીને જણાવ્યું છે કે ગાન્ધર્વ કાવ્ય સેવનથી શૃંગાર રસની ઉત્પત્તિ થાય છે.

દ્વિતીય અધ્યાયમાં ભરતમુનિ, નાટ્યગૃહ નિર્માણના સંદર્ભમાં, ભાવ તથા રસ શબ્દોનો ઉલ્લેખ કરે છે.'' અતિ વિશાળ (વિપ્રકૃષ્ટ) નાટ્યગૃહ બનાવવાથી પાઠ્ય બેસૂર થઇ જાય છે, ભાવ-સૃષ્ટિ તથા રસાશ્રિત, ''રાગ' અવ્યવ્યક્ત રહી જાય છે. આમ ભરતમુનિના આ કથનથી સ્પષ્ટ થાય છે કે ભાવસૃષ્ટિ અને રસ સાધન છે અને તેનો આશ્રિત છે 'રાગ'. ભાવરસોના માધ્યમ વડે સંપ્રેષ્ટ્ય અથવા સંવેદ્ય તત્વ છે- રાગ. 'ભાવ અને રસ સાધન છે., નાટ્યપ્રેક્ષકો માટે સાધ્ય છે રાગ ' આવા અર્થવાળો એક અન્ય શ્લોક નાટ્યશાસ્ત્રના પંચમ અધ્યાયમાં મળી આવે છે. ભરતમુનિ કહે છે કે '' વધારે પડતો ગીત, વાદ્ય અને નૃત્તનો પ્રયોગ, પ્રયોક્તા અને પ્રેક્ષકોમાં ખિન્નતા પેદા કરે છે. રસ તથા ભાવો બરાબર સ્પષ્ટ થતા નથી જેના પરિણામે નાટ્યપ્રયોગ પોતાના ઉદ્દેશ્ય-રાગ ઉત્પન્ન કરવામાં નિષ્ફળ નિવડે છે.''

'' કાર્યો નાતિપ્રસંગોઽત્ર નૃત્તગીતવિધિં પ્રતિ ।
ગીતે વાદ્યે ચ નૃત્તે ચ પ્રવૃત્તેઽતિ પ્રસંગત:॥
ખેદો ભવેત્પ્રયોક્તૃણાં પ્રેક્ષકાણં તથૈવ ચ ।
ખિન્નાનાં રસભાવેષુ સ્પષ્ટતા નોપજાયતે ॥
તત: શેષપ્રયોગસ્તુ ન રાગજનકો ભવેત ।''

(અધ્યાય ૫ શ્લોક ૧૬૨-૧૬૩)

પાંચમાં અધ્યાયમાંજ ભરતમુનિ, '' નૃત્તનો સુકુમાર પ્રયોગ શૃંગાર રસના સંબંધમાં થાય છે.'' એમ કહી રસ શબ્દનો ફરી ઉલ્લેખ કરે છે. અહીં પણ રસનું સ્વરૂપ એકદમ સ્પષ્ટ નથી. માત્ર એટલોજ અર્થ નીકળે છે કે શૃંગાર રસના નિર્માણમાં સુકુમાર નૃત્ત સહાયક બને છે. પણ એક વાત તો ચોક્કસ છે કે અહીં રસનો રંગપર્યાય દૃષ્ટિથી ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

પાંચમાં અધ્યાયમાં પૂર્વરંગના સંદર્ભમાંજ અડ્ડિતાધ્રુવા, ચતુરસ્રાધ્રુવા અને અન્તરચારી પધ્ધતિઓના નિરુપણ સમયે અનુક્રમે 'શૃંગાર સંયુક્ત શ્લોક', 'રૌદ્રરસ શ્લોક' અને

'નાનાભાવ રસાન્વિત શ્લોકો' નું પઠન કરવા ભરતમુનિએ જણાવ્યું છે. તેના આધારે બે વિકલ્પો સ્પષ્ટપણે તારવી શકાય. એક વિકલ્પ તો એ કે રસ તત્વ માત્ર નાટ્યમાંજ નહીં પરંતુ પાઠય કાવ્યોમાં પણ અન્તર્ભૂત માનવામાં આવતું હતું. ભરતમુનિના યુગમાં એવી કાવ્યરચનાઓ હતી જેમાં શૃંગાર, રૌદ્ર વિગેરે રસો તથા અન્ય અનેક ભાવોનું પ્રતિનિધિત્વ કરવા માટે સમર્થ એવા શ્લોકો હતાં. અન્ય વિકલ્પ એ કે નાટ્યચાર્ય આ પાઠ્ય કાવ્યોની સહાયતાથી વિભિન્ન નાટ્યરસોનું નિર્માણ કરતાં હતાં. રસ વાસ્તવમાં તો નાટ્યનીજ વસ્તુ હતી., કાવ્યમાં રસની સ્થિતિ મંચગત રસનિષ્પત્તિમાં સહાયક બનવાના ઉપકરણરુપેજ સ્વીકારવામાં આવી હતી. (ડો.મનોહર કાલે - ભારતીય નાટ્ય સૌંદર્ય)

આ પ્રમાણે, રસ, રસનિષ્પત્તિ અને રસાસ્વાદની વિસ્તૃત ચર્ચા કરતાં પહેલાં ભરતમુનિએ નાટ્યશાસ્ત્રમાં રસનો ઉલ્લેખ માત્ર બે સંદર્ભોમાં કર્યો છે. (૧) નાટ્ય રસ તથા (૨) કાવ્ય રસ, કયાંય પણ તેમણે પ્રેક્ષકના આસ્વાદને, અનુભુતિને રસ સંજ્ઞા આપી નથી એ ખાસ ધ્યાનમાં રાખવું જોઇએ.

છઠ્ઠા અધ્યાયમાં ઋષિઓ ભરતમુનિને પાંચ પ્રશ્નો પુછે છે. મુખ્ય પ્રશ્નો આ પ્રમાણે છે : નાટ્યમાં નાટ્યવિદો જેને રસ કહે છે એનું રસત્વ શેનાથી છે ? ભાવો કેવી રીતે ભાવો કહેવાય છે ? તેઓ શેનું ભાવન કરાવે છે ? વિગેરે. આ પ્રશ્નોના સીધા જવાબ આપતાં પહેલાં ભરતમુનિ 'નાટ્યસંગ્રહ' નું નિરુપણ કરે છે. તેમાં રસ, ભાવ, અભિનય, ધર્મી, વૃત્તિ, પ્રવૃત્તિ, સિધ્ધિ, સ્વર, આતોદ્ય, ગાન અને રંગ આ ૧૧ તત્વોનો તેના મુખ્ય ભેદોની સાથે ઉલ્લેખ કરે છે. નાટ્યવિષયક સંગ્રહ અંતર્ગત આ તત્વોનો ઉલ્લેખ કર્યા પછી ભરતમુનિ જણાવે છે કે પોતે સર્વપ્રથમ રસોની વ્યાખ્યા કરશે કારણ કે -

'' ન હિ રસાદૃતે કશ્ચિદ્ અપિ અર્થ: પ્રવર્તતે । ''

અધ્યાય ૬

'' રસ વગર કોઇ પણ (નાટ્ય) અર્થ પ્રવર્તતો નથી.''

ઉપરોકત કથન ભરતમુનિની રસવિષયક વિચારણાને પૂરતા પ્રમાણમાં સ્પષ્ટ કરી આપે છે. રસ એ રંગપર્યાય સાધન છે. જેના વિના કોઇ પણ અર્થ પ્રવર્તિત થઇ શકતો નથી.

અહીં ભરતમુનિએ 'રસ' શબ્દ એકવચનમાં પ્રયોજયો છે. તેના આધારે અભિનવગુપ્ત જણાવે છે કે '' રસ એકજ હોય છે અને તેનું સ્વરુપ સહૃદયની ચવર્ણા અથવા આસ્વાદ છે. જેમાં આનંદ સમાયેલો છે. '' પરંતુ ભરતમુનિએ પ્રસ્તુત ઉકિત પહેલાં 'રસાન્ અભિવ્યાખ્યાસ્યામ્'' એમ કહી રસ શબ્દ બહુવચનમાં પ્રયોજયોછે. તેથી આ રસ એકજ હોવાનો પ્રશ્નજ ઉભો થતો નથી.'' એક એક રસમાં અનેક અર્થોના પ્રવર્તનની શકિત રહેલી હોય છે' એ તથ્યના સ્પષ્ટીકરણ માટેજ ભરતમુનિએ 'રસ' શબ્દનો એકવચનમાં પ્રયોગ કર્યો છે. એક રસમાંથી એકજ અર્થ નહીં પણ અનેક અર્થ વ્યકત થાય છે એ વાતની પુષ્ટિ, 'અર્થ' શબ્દ પહેલા મૂકવામાં આવેલા વિશેષણ 'કશ્ચિદપિ' - 'કોઇ પણ' - પરથી થાય છે. આમ ભરતમુનિના આ કથનનો એવો અર્થ થાય છે કે નાટ્યમાં રસ તત્વ અનેક અર્થોના પ્રવર્તનનું પ્રબળ સાધન છે. અહીં 'અર્થ' શબ્દ માત્ર મનોભાવાત્મક આશયને પ્રગટ કરતો નથી. અર્થ શબ્દ અહીં 'નાટ્યની કોઇ પણ વસ્તુ'ના સંદર્ભમાં પ્રયોજાયો છે. નાટયોપયોગી અર્થો એટલે કે વસ્તુઓમાં, જડચેતન ઉપકરણોનો સમાવેશ થાય છે એટલે 'નહિ રસાદૃતે કશ્ચિદપિ અર્થ પ્રવર્તતે' એ ઉકિતનો અર્થ થાય છે.'' કોઇ પણ જડચેતન વસ્તુને રંગમંચ ઉપર જયાં સુધી નાટ્યરસની દૃષ્ટિએ રજૂ કરવામાં ના આવે ત્યાં સુધી તે પ્રવર્તિત થતી નથી.'' ડો.મનોહર કાલે તેમના હિન્દી પુસ્તક 'ભારતીય નાટ્ય સૌંદર્ય' માં પણ આ ઉકિતનો આવોજ અર્થ તારવે છે. (પૃ.૩૫)

નાટ્યવસ્તુઓને પ્રવર્તિત કરવાની શકિત નાટ્યરસોમાં કેવી રીતે આવે છે તેની પ્રક્રિયા ભરતમુનિએ રસનિષ્પત્તિ સંબંધી તેમના પ્રસિધ્ધ સુત્રમાં નિરુપી છે.

'' તત્ર વિભાવાનુભાવવ્યભિચારી સંયોગાદ્રસનિષ્પત્તિઃ । ''

અધ્યાય - ૬

'' તેમાં (કહેવાનું કે ) વિભાવ, અનુભાવ અને વ્યભિચારીઓના સંયોગથી રસની નિષ્પત્તિ થાય છે.'' આ રસ નિષ્પત્તિની અથવા રસનિર્માણની પ્રક્રિયા કેવી રીતે સંભવે છે તે ભરતમુનિ ભોજનરસના ઉદાહરણ ધ્વારા સમજાવે છે.

'' જે રીતે વિવિધ પ્રકારના વ્યંજનો, ઔષધિઓ તથા દ્રવ્યોના સંયોગથી (ભોજનના) રસની નિષ્પત્તિ થાય છે, જે રીતે ગોળ વિગેરે દ્રવ્યો, વ્યંજનો અને ઔષધિઓથી ષાડવાદિ' રસ બને છે તેવી રીતે વિવિધ ભાવો સાથે સંયુકત થઇ સ્થાયી ભાવ પણ (નાટ્ય) રસરુપને પ્રાપ્ત કરે છે.''

રસનિષ્પત્તિની પ્રક્રિયા આવી રીતે સમજાવ્યા પછી ભરતમુનિ આ રીતે નિર્મિત રસનું સ્વરુપ સમજાવતાં કહે છે કે -

'' અત્રાહ-રસ ઇતિ કઃ પદાર્થઃ । ઉચ્યતે - આસ્વાદ્યત્વાત્ ।''

અધ્યાય - ૬

'' રસ એ પદનો કયો અર્થ છે અથવા રસ કયો પદાર્થ છે તેનો જવાબ એ કે તે આસ્વાદ્ય (થનારો) પદાર્થ છે. અથવા આસ્વાદ્ય હોવાથી તે રસ કહેવાય છે.''

ત્યારબાદ ભરતમુનિ રસ કેવી રીતે આસ્વાદદાયક છે અથવા તો રસનો આસ્વાદ શી રીતે થાય છે તેના આસ્વાદજન્ય પરિણામો કયાં છે તેનો ઉલ્લેખ કરતાં કહે છે કે '' જેમ વિવિધ વ્યંજનોથી સંસ્કાર પામેલું અન્ન ખાનારા સુમનસ પુરુષો (સહૃદય પુરુષો, પ્રસન્નચિત્ત પુરુષો) રસોનો આસ્વાદ લે છે અને હર્ષ વિગેરે પામે છે તેવી રીતે વિવિધ ભાવોના અભિનયથી વ્યંજિત (વિવિધ ભાવો અને અભિનયથી વ્યંજિત - ડો નગેન્દ્ર) વાક્, અંગ, સત્વથી યુકત (વાચિક, આંગિક તથા સાત્વિક અભિનયોથી સંયુકત - ડો. નગેન્દ્ર) સ્થાયી ભાવોને સહૃદય (સુમનસઃ) પ્રેક્ષકો આસ્વાદે છે અને હર્ષ વિગેરે પામે છે.

- અધ્યાય - ૬

આ સંદર્ભમાં ભરતમુનિ બે આનુવંશ્ય શ્લોકો ટાંકતાં કહે છે કે, '' જેમ અનેક દ્રવ્યોથી તથા અનેક વ્યંજનોથી યુકત અન્નને (ભાતને) રસોઇના જાણકાર લોકો આસ્વાદે છે તેમ ભાવો અને અભિનયોથી સંબધ્ધ સ્થાયિભાવોને બુધજનો મનથી આસ્વાદે છે માટે નાટ્યરસો કહેવાયા છે. '' અધ્યાય-૬ (શ્લોક ૩૨-૩૩)

અહીં સ્પષ્ટતા કરવી ઘટે કે બુધજનો દ્વારા મનથી આસ્વાદવાની પ્રક્રિયા તેજ નાટ્યરસ એવું ભરતમુનિએ જણાવ્યું નથી.જેમ કુશળ રસોઇયા અન્ને જીભથી આસ્વાદે છે તેમ

પ્રેક્ષકો મનથી નાટ્યરસને આસ્વાદે છે. અન્નની જેમ નાટ્યરસ પણ (રંગમંચ ગત) પદાર્થ છે, આસ્વાદ નહીં.

ભરતમુનિના ઉપરોક્ત વિધાનો પરથી ફલિત થાય છે કે તેમની દૃષ્ટિએ નાટ્યરસ એ મૂર્ત આસ્વાદ્ય પદાર્થ છે, અમૂર્ત મનોભાવ, આસ્વાદ તથા આનન્દની અનુભૂતિ નહીં. તે વસ્તુનિષ્ઠ અને રંગમંચીય છે, સહૃદયનિષ્ઠ અને અનુભૂત્યાત્મક નહીં. ભરતમુનિએ રસનિષ્પત્તિ, નિર્મિત રસનું સ્વરુપ તથા તેના આસ્વાદજન્ય પરિણામો - આ ત્રણેને પૃથક માન્યા છે પણ પછીના કાવ્યશાસ્ત્રમાં, આ ત્રણેય, પૃથક તત્વોને, સંસ્કૃત કાવ્યશાસ્ત્રીઓ દ્વારા એકજ આનંદરુપ રસમાં સમાવવાનો પ્રયત્ન થયો છે. નાટ્યરસના આસ્વાદનથી ઉત્પન્ન સહૃદયની હર્ષ શોકાત્મક અથવા વિશુધ્ધ આનન્દાત્મક પ્રતિક્રિયા અથવા પરિણામને પણ નાટ્યરસ અથવા રસ સંજ્ઞા આપવી પારિભાષિક દૃષ્ટિએ યોગ્ય નથી. ભરતમુનિએ સહૃદય પ્રેક્ષક દ્વારા થતી અનુભૂતિને રસ સંજ્ઞા આપીજ નથી. તેમણે તો સુમનસ પ્રેક્ષકને હર્ષ આદિનો અનુભવ થાય છે એમજ કહયું છે.

રંગમંચ ઉપર જ્યારે વિભાવ, અનુભાવ અને વ્યભિચારી - આ ત્રણે અભિનયાશ્રિત તત્વોનો સંયોગ થાય છે ત્યારે રસનિષ્પત્તિ થાય છે. તેનેજ ભરતમુનિએ 'નાટ્યરસ' સંજ્ઞા આપી છે. રસ સુત્રમાં નિરુપિત સંયોગ શબ્દ રસાવયવોના મંચગત સંયોગને સૂચિત કરે છે, સહૃદયથી 'નાટ્યરસના સંયોગને નહીં.

નાટ્યનું પ્રાણતત્વ છે - અભિનય. 'નાટ્ય-કાવ્યો'ના રંગમંચીય ઉપસ્થાપનની પ્રક્રિયા સમજાવવા માટે તથા અભિનયની તાલીમ આપવા માટેજ તેના વાચિક, આંગિક, સાત્વિક તથા આહાર્ય એવા ચાર વર્ગ પાડવામાં આવ્યા છે. વિભાવ, અનુભાવ તથા વ્યભિચારી ભાવોને રંગમંચ ઉપર સંયુક્ત કરવામાં અભિનય તત્વ મહત્વનો ભાગ ભજવે છે. વાસ્તવમાં અભિનયજ એકમાત્ર મુખ્ય નાટ્યસાધન છે જે રંગમંચ ઉપર વિભાવાદિઓને મૂર્તિત કરે છે અથવા ભાવત્વની કોટિમાં લાવે છે. નાયક નાયિકા અથવા નટ-નટી 'વિભાવ'ની સંજ્ઞા ત્યારે પામે છે જ્યારે તેઓ અનુકાર્યની વેશભુષા ધારણ કરે છે: આહાર્ય અભિનયાન્વિત થઇ રંગમંચ ઉપર પ્રવેશ કરે છે. તેમની શારીરિક, માનસિક ચેષ્ટાઓ ને ત્યારેજ 'અનુભાવ'

માનવામાં આવે છે જ્યારે તે વાચિક, આંગિક તથા સાત્વિક અભિનયોમાં રુપાંતરિત થાય છે. આ પ્રમાણે વ્યભિચારી ભાવ પણ રંગમંચ ઉપર અભિનયગત મૂર્તતા ધારણ કર્યા પછીજ 'વ્યભિચારી ભાવ' બને છે. સ્થાયી ભાવ પણ અભિનયમાં રુપાંતરિત થઇ મૂર્તરુપતા ધારણ કરે છે. સાત્વિક ભાવો પણ રંગમંચ ઉપર, પાત્રો ધ્વારા અભિનયમાં મૂર્તિત કર્યા વિના, ઉપસ્થિત કરી શકાતા નથી. આ પ્રમાણે ૮ સ્થાયી ભાવ, ૩૩ વ્યભિચારી ભાવ તથા ૮ સાત્વિક ભાવ એમ કુલ મળીને ૪૯ નાટ્યભાવો, રંગમંચ ઉપર વાચિક, આંગિક અને સાત્વિક અભિનયોમાં સંયુકત અને રુપાંતરિત થઇનેજ મૂર્તતા ધારણ કરે છે. આ સર્વ અભિનયમાં મૂર્તિત ૪૯ ભાવ, નાટ્યરસોના નિર્માણના મૂળ ઉપાદાન છે. તેના સંયોગની પ્રક્રિયા રંગમંચ પર થાય છે જેના પરિણામે ભિન્ન ભિન્ન આઠ નાટ્યરસ નિષ્પન્ન થાય છે. ભરતમુનિએ, નાટ્યશાસ્ત્રમાં, નટો તેમજ નાટ્યાચાર્યોને, આ સર્વે ભાવોના સંયોગની ટેકનિકજ વિશેષપણે સમજાવી છે. ભરતમુનિની દૃષ્ટિએ આ ૪૯ ભાવોમાં 'સંયોગ' લાવતી વેળા નાટ્યનિર્દેશકો તથા નટોએ તેમની રુચિ પ્રમાણે કામ લેવાનું હોય તો પણ તેમનો 'સામાન્ય ગુણયોગ સાધવો પડે છે ત્યારેજ રસોની નિષ્પત્તિ સંભવી શકે છે.

'' એભ્યશ્ચ સામાન્ય ગુણયોગેન રસા: નિષ્પદ્યન્તે । ''
અધ્યાય ૭

આ પ્રમાણે નાટ્યશાસ્ત્રમાં ૪૯ ભાવોના 'ઉપગમ'ની અર્થાત્, સામાન્ય ગુણયોગ'ની પ્રક્રિયાજ રંગમંચ તથા અભિનયના વ્યાવહારિક આધાર ઉપર સમજાવવામાં આવી છે. આ એજ પ્રક્રિયા છે જેને ભરતમુનિ રસનિષ્પત્તિ શબ્દ ધ્વારા આરંભમાજ સૂચિત કરી દીધી છે. આ પ્રક્રિયાનું વિવેચન પૂર્ણપણે છઠ્ઠા તથા સાતમાં અધ્યાયમાં કરવામાં આવ્યું છે જેનો મુખ્ય આધાર રંગમંચ તથા અભિનય છે. આ વિશે વિશેષ ચર્ચા 'રસનિષ્પત્તિ અને નટ' પ્રકરણમાં કરવામાં આવી છે.

નાટ્યપ્રેક્ષકોના આસ્વાદને રસ માનવો એ ભરતમુનિના દૃષ્ટિકોણથી કોઇપણ રીતે ઉચિત નથી. નાટ્યશાસ્ત્રમાં નાટ્યરસનું નિર્માણ, આસ્વાદન તથા મૂલ્યાંકન આ ત્રણેને વિભિન્ન અને પૃથક માનવામાં આવ્યા છે. નાટ્યશાસ્ત્રના છઠ્ઠા અધ્યાયથી ૨૬ માં અધ્યાય

સુધી નાટ્યકળાના નિર્માણ સંબંધી તથા ૨૭ માં અધ્યાયમાં સિધ્ધિ' અંતર્ગત નાટ્યકળાના મૂલ્યાંકન સંબંધી ચર્ચા કરવામાં આવી છે. ભરતમુનિ નિર્દિષ્ટ ષાડવરસ તથા નાટ્યરસમાં સામ્ય એ છે તેમાં અનુક્રમે અનેક પદાર્થો તથા ભાવોનો સંયોગ કરવામાં આવે છે પરંતું તેમના સંયોગથી નિર્મિત રસ વડે જે આસ્વાદજન્ય પરિણામ આવે છે તે આસ્વાદકો માટે સ્પષ્ટપણે 'હર્ષાદિ' રુપ હોય છે એટલે તેને ફરી 'રસ' સંજ્ઞા આપી ન શકાય. આ વાત ભરતમુનિએ સ્પષ્ટપણે જણાવી છે. પ્રેક્ષકને નાટ્યરસ વડે હર્ષ આદિની પ્રાપ્તિ કેવી રીતે થાય છે તેની મીમાંસા તેમણે ૨૭ માં અધ્યાય ' સિધ્ધિ અધ્યાય' માં કરી છે. પછીના સંસ્કૃત આચાર્યોની દૃષ્ટિ રંગમંચ ઉપર નિષ્પન્ન રસની જગ્યાએ સહૃદયમાં ઉદ્બુધ્ધ આસ્વાદાત્મક તથા આનંદમય રસ ઉપર કેન્દ્રિત રહી છે. તેઓ, નાટ્યરસને શ્રવ્યકાવ્યમાં પણ અન્તર્હિત સમજી, રસને કેવળ સહૃદયનિષ્ઠ તથા આસ્વાદાત્મક સિધ્ધ કરવામાંજ સ્થાપવા રહ્યા અને એટલેજ તેઓ નાટ્યના દૃશ્ય રસની કલ્પનાનું મૂલ્યાંકન કરી શક્યા નહીં. (ડો.મનોહર કાલે)

માનવીય લોકવ્યવહારની દૃષ્ટિએ રતિ, શોક, ઉત્સાહ વિગેરે અમૂર્ત મનોભાવ જેવા લાગે છે, સ્મૃતિ, મતિ, વિર્તક વિગેરે બૌધ્ધિક સ્થિતિઓ જણાય છે અને જડતા, વ્યાધિ, નિદ્રા, સ્તંભ, વેપથુ વિગેરે મૂર્ત શારીરિક અવસ્થાઓ માત્ર લાગે છે. આ સર્વ મૂર્ત-અમૂર્ત અથવા સ્થૂળ-સૂક્ષ્મ ભાવોને રંગમંચ ઉપર ઉપસ્થિત કરવામાં સહાયક બને છે - વિભાવ, અનુભાવ તથા અભિનય, એમની સહાયતાથીજ ૪૯ ભાવોને રંગમંચ ઉપર ઉપસ્થિત કરી શકાય છે. આ ભાવોનો સામાન્ય ગુણ પ્રમાણે સંયોગ કરવો એનું નામજ રસનિષ્પત્તિ. રંગમંચ ઉપર નિષ્પન્ન પ્રસ્તુત નાટ્યરસ ટેકનીકની દૃષ્ટિએ અમૂર્ત મનોભાવરુપ હોતો નથી. એટલા માટે ભરતમુનિએ ભાવોમાંથી રસનિષ્પત્તિ માની છે. રસોમાંથી ભાવોની નહીં. - '' દૃશ્યતે હિ ભાવેભ્યો રસાનામભિનિર્વૃત્તિર્ન તુ રસેભ્યો ભાવાનાં અભિનિર્વૃત્તિ: ઈતિ । અર્થાત ભાવોમાંથી રસોની ઉત્પત્તિ જોવા મળે છે પણ રસોમાંથી ભાવોની ઉત્પત્તિ જોવા મળતી નથી.'') (અધ્યાય-૬ )

ભાવમાંથી રસોની ઉત્પત્તિ કે રસોમાંથી ભાવોની કે બંનેના પરસ્પર સંબંધથી બંનેની આ ત્રણ વિકલ્પોમાંથી ભરતમુનિએ ભાવમાંથી રસોની ઉત્પત્તિજ માન્ય રાખી છે. આ ત્રણ વિકલ્પોના સંદર્ભમાં ભરતમુનિએ પરંપરાપ્રાપ્ત પાંચ શ્લોક પણ ટાંક્યા છે.

નાનાભિનયસંબદ્ધાન્ભાવયન્તિ રસાનિમાન્ ।
યસ્માત સ્માદમી ભાવા વિજ્ઞેયા નાટ્યયોક્તૃભિ: ॥

અધ્યાય ૬ શ્લોક ૩૪

નાનાવિધ અભિનયો સાથે સંબધ્ધ રસોને ઉત્પન્ન કરે છે તે કારણે નાટ્યપ્રયોજકો એમને (ભાવોને) ભાવો કહે છે.

નાનાદ્રવ્યૈ ર્બહુ વિદૈર્વ્યજંનં ભાવ્યતે યથા ।
એવં ભાવા ભાવયન્તિ રસાનભિનયૈ:સહ ॥

અધ્યાય ૬ શ્લોક ૩૫

અનેક પ્રકારના ઘણાં દ્રવ્યોથી જેમ વ્યંજન ભાવિત (ઉત્પન્ન) થાય તેમ ભાવો અભિનયોની સાથે રસોને ભાવિત કરે છે.

ન ભાવહીનોઽસ્તિ રસો ન ભાવો રસવર્જિત:
પરસ્પરકૃતા સિધ્ધિસ્તયોરભિનયે ભવેત્ ॥

અધ્યાય ૬ શ્લોક ૩૬

ભાવ વગરનો રસ નથી. ભાવ રસ વગરનો નથી. અભિનયમાં એ બંનેની પરસ્પર સિધ્ધિ થાય છે.

વ્યંજનૌષધિસંયોગો યથાઽન્નં સ્વાદુતાં નયેત ।
એવં ભાવા રસાશ્ચૈવ ભાવયન્તિ પરસ્પરમ્ ॥

અધ્યાય ૬ શ્લોક ૩૭

વ્યંજનો અને ઔષધિઓનો સંયોગ જેમ અન્નને સ્વાદિષ્ટ બનાવે છે તેમ ભાવો અને રસો પરસ્પરને ભાવિત કરે છે.

યથા બીજાદ્ભવેદ્વૃક્ષો વૃક્ષાત્પુષ્પં ફલં યથા ।
તથા મૂલં રસા: સર્વે તેભ્યો ભાવા વ્યવસ્થિતા:॥

અધ્યાય ૬ શ્લોક ૩૮

જેમ બીજમાંથી વૃક્ષ થાય, વૃક્ષમાંથી પુષ્પ તથા ફળ થાય તેમ રસો મૂળ (રૂપ) છે. બધા ભાવો તેમના વડે વ્યવસ્થિત થાય છે. વસ્તુતઃ નાટ્યકળામાં, અમૂર્તના મૂર્તીકરણ ઉપરજ વિશેષ ભાર મૂકવામાં આવે છે. નાટ્યકળાનો આધાર છે - રંગમંચ તથા મુખ્ય સાધન છે અભિનય. રતિ, શોક, ઉત્સાહ, અને અન્ય અનેક માનવ પ્રકૃતિસ્થ મનોભાવોનું રંગમંચ ઉપર 'અમૂર્તરૂપમાં' અનુકરણાત્મક ઉપસ્થાપન સંભવિત નથી માટેજ ભરતમુનિએ આઠ સ્થાયી ભાવો તથા તેત્રીસ વ્યભિચારી ભાવોના વિભાવો તથા અનુભાવોનું વિસ્તારપૂર્વક નિરુપણ કર્યું છે. તેને રંગમંચ ઉપર ઉપસ્થિત કરવાની પધ્ધતિ પણ અભિનયના આધારે વ્યાપકપણે સમજાવી છે. પરિણામે ભરતમુનિના દૃષ્ટિકોણથી ૪૯ ભાવને રંગમંચ ઉપર વિભાવ અને અનુભાવોની સહાયતાથી અભિનયમાં મૂર્તીકૃત કરતી વેળા જે જે ભાવ સામાન્ય ગુણાનુરુપ હોય તેજ પરસ્પર સંયુકત કરવામાં આવે છે. તેમના પરસ્પર સંયોગથી સ્થાયી ભાવના આધારે એક એક નાટ્યરસ નિર્મિત કરવામાં આવે છે. રંગમંચ ઉપર રસનિષ્પત્તિની ટેકનીકની જાણકારી આપવા માટેજ ભરતમુનિએ બધાજ સ્થાયી, વ્યભિચારી, સાત્વિક-૪૯ ભાવોના યથાસંભવ વિભિન્ન વિભાવાનુભાવોનું નિરુપણ કર્યું છે કે જેથી નાટ્યપ્રયોકતાઓને તેમની મંચગત ઉપસ્થાપનની પધ્ધતિનું પુરેપુરું જ્ઞાન મળે તથા તેના સંબંધીત અભિનયોની પુરેપુરી પ્રતીતિ થાય. અને આઠેય નાટ્યરસોના મૂર્તીકરણ અથવા અભિનયીકરણમાં ઉપયોગી સ્થાયી ભાવો વ્યભિચારી ભાવો તથા સાત્વિકોનું પૃથક પૃથક વર્ગીકરણ કર્યું છે કે જેની મદદથી રંગમંચ ઉપર પ્રત્યેક રસની જરુર પ્રમાણે નિષ્પત્તિ સાધી શકાય. આ પ્રમાણે નાટ્યકળામાં રંગમંચ ઉપર ન તો માનવ-પ્રકૃતિમાં સ્થિત મૂળ અદૃશ્ય મનોભાવમુલક સ્થાયી ભાવ 'અમૂર્ત' રહે છે ન તો વ્યભિચારી અથવા સાત્વિક ભાવ. વિભાવ, અનુભાવ તથા વાચિક આંગિક સાત્વિક અભિનયોમાં મૂર્તીકૃત આ નાટ્યભાવોથી નિષ્પન્ન નાટ્યરસનું સ્વરુપ પણ, રંગમંચ ઉપરજ અસંદિગ્ધ રુપે મૂર્ત થાય છે. એટલે ભરતમુનિની દૃષ્ટિએ તો નાટ્યરસનું સ્વરુપ રંગમંચીય વસ્તુનિષ્ઠ પદાર્થરુપજ છે., સહૃદયનિષ્ઠ આનંદાનુભુતિરુપ નહી. ડો. નગેન્દ્રએ પણ આજ અર્થ માન્ય રાખ્યો છે જે વિશેની ચર્ચા 'રસનિષ્પત્તિ અને નટ' પ્રકરણ અંતર્ગત કરવામાં આવી છે.